

RNI No. GUJGUJ /2008/26148

GARVI GUJARAT

# ગરવી ગુજરાત

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

ગરવી ગુજરાત

Volume : 18
Issue : 080
Dt.: 30-11-2025,
Sunday
Page : 04
Rs.00.50 paisa

EDITOR : AJAYKUMAR RAMANLAL PRAJAPATI (AJAY PATNI) Regd. Office: TF-01, Nakranam Super Market,Ramnagar,Sabarmati, Ahmedabad-380 005. Gujarat, India.

Phone : 90163 33307 (M) 93283 33307, 98253 33307 • Email : garvigujarat2007@gmail.com • Email : garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in


# અમેરિકા-ચીનની નવી વૈશ્વિક શરતોથી દુનિયામાં અસ્થિરતાઃ વિદેશ મંત્રી જયશંકરનું મોટું નિવેદન

## દુનિયા આ સમયે એવા વળાંક પર છે કે, જ્યાં અમેરિકા અને ચીનની નવી નીતિએ વૈશ્વિક વ્યવસ્થાને અસ્થિર કરી દીધી છે



(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

વૈશ્વિક રાજનીતિ અને આર્થિક સમીકરણોને લઈને વિદેશ મંત્રી એસ. જયશંકરનું મોટું નિવેદન સામે આવ્યું છે. એસ.જયશંકરે કહ્યું કે, દુનિયા આ સમયે એવા વળાંક પર છે કે, જ્યાં અમેરિકા અને ચીનની નવી નીતિએ વૈશ્વિક વ્યવસ્થાને અસ્થિર કરી દીધી છે. જેમાં બદલાતી પરિસ્થિતિમાં દેશોને એ નક્કી કરવું મુશ્કેલ છે કે, તેઓને પ્રતિસ્પર્ધા પર ધ્યાન આપવું જોઈએ કે સમજૂતી પર...જયશંકરે કહ્યું કે, અમેરિકા હવે જૂના માળખા હેઠળ વિશ્વનું નેતૃત્વ કરી રહ્યું નથી, પરંતુ નવી શરતો પર વ્યક્તિગત દેશો સાથે સીધી વાટાઘાટો કરી રહ્યું છે. બીજી તરફ, ચીન પણ પોતાના નિયમોને વધુ કડક રીતે લાગુ કરી રહ્યું છે. આ સ્થિતિમાં વિશ્વભરના ઘણા દેશો મૂંઝવણમાં છે અને સંભવિત જોખમોને ટાળવા માટે તમામ વિકલ્પો ખુલ્લા રાખી રહ્યા છે. વૈશ્વિક દબાણ અને દેશની રણનીતિ મામલે જયશંકરે કહ્યું કે, વૈશ્વિકરણ, પુરવઠાની અસુરક્ષા અને વધતા જતા રાજકીય તણાવ દેશોને દરેક આકસ્મિક પરિસ્થિતિ માટે તૈયાર રહેવાની ફરજ પાડી રહ્યા છે. તેઓ શક્ય હોય ત્યાં મુશ્કેલીભર્યા વિકલ્પ ટાળી રહ્યા છે. આ ઉપરાંત, જ્યાં તેમને ફાયદો દેખાય છે ત્યાં ઝડપી નિર્ણયો લઈ રહ્યા છે. આનાથી વિવિધ ક્ષેત્રોમાં મુક્ત વેપાર કરારો માટે માંગ અને ઉત્સાહમાં વધારો થયો છે.

તેમણે વધુમાં જણાવ્યું કે, વૈશ્વિક ઉત્પાદનનો એક તૃતીયાંશ ભાગ ચીનમાં થાય છે, જેનાથી સપ્લાય ચેઈનની વિશ્વસનીયતા પર સવાલો ઉઠે છે. સંઘર્ષો અને જલવાયુ સંકટોએ આ પ્રકારની મુશ્કેલીમાં વધારો કર્યો છે. ઊર્જા મામલામાં અમેરિકા હવે મોટું નિકાસકાર બની ગયું છે. જ્યારે ચીન નવીનીકરણીય ઊર્જા પર પ્રભુત્વ ધરાવે છે, ત્યારે આ પરિવર્તન વૈશ્વિક સંતુલનને અસર કરી રહ્યું છે.

વ્યાપારમાં માંગની અસ્થિરતાને લઈને જયશંકરે કહ્યું કે, વ્યાપારમાં માંગની અનિશ્ચિતતા અને સપ્લાય અવરોધો જોખમો વધારી રહ્યા છે. ટેરિફ રેટ્સમાં વધઘટ થતા વૈશ્વિક વ્યાપાર પર અસ્થિરતા આવી છે. નાણાકીય ક્ષેત્રના પ્રતિબંધોનો વધતો ઉપયોગ, સંપત્તિની જપ્તી અને બ્લોકચેન ટેકનોલોજીનો ઉદભવ એક નવા વૈશ્વિક નાણાકીય સ્થાપત્ય તરફ ઈશારો કરી રહ્યો છે.

### કંપનીએ કહ્યું આદેશમાં ખામી

# હલકી ગુણવત્તાનું ઘી વેચવા બદલ પતંજલિને કોર્ટે ફટકાર્યો દંડ



(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

યોગ ગુરુ બાબા રામદેવની કંપની પતંજલિ આયુર્વેદ લિમિટેડ પર હલકી ગુણવત્તાનું ગાયનું ઘી વેચવાનો આરોપ લાગ્યો છે, જેના કારણે કોર્ટના આદેશ પર ઘીના તમામ મુખ્ય જવાબદાર એકમો (કંપની, હોલસેલર અને રિટેલર) પર કુલ ૧.૪૦ લાખનો દંડ ફટકારવામાં આવ્યો છે. જો કે, પતંજલિએ આ આદેશને ખામીવાળો અને કાયદા વિરુદ્ધ ગણાવીને પોતાનો બચાવ કર્યો છે. આ સમગ્ર મામલો ઉત્તરાખંડના પિથોરાગઢનો છે, જ્યાં અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ (ADM) કોર્ટે રાજ્ય અને કેન્દ્રીય પ્રયોગશાળામાં ઘીના નમૂના નિષ્ફળ ગયા બાદ પતંજલિ ઘીના નિર્માતા, હોલસેલર અને રિટેલર પર અનુક્રમે ૧.૨૫ લાખ અને ૧૫,૦૦૦નો દંડ ફટકાર્યો છે. પિથોરાગઢના સહાયક ખાદ્ય સુરક્ષા કમિશનર આર.કે. શર્માના જણાવ્યા અનુસાર ખાદ્ય સુરક્ષા અધિનિયમની કલમ ૪૬/૪ હેઠળ કેસ દાખલ કરવામાં આવ્યો હતો અને કોર્ટે ૧૯ નવેમ્બરે આ ચુકાદો આપ્યો છે. ઘીના નમૂના ઑક્ટોબર ૨૦૨૦માં લેવામાં આવ્યા હતા, જે રુદ્રપુરની રાજ્ય ખાદ્ય પ્રયોગશાળામાં નિષ્ફળ ગયા હતા. વેપારીઓની વિનંતી પર સપ્ટેમ્બર ૨૦૨૧માં કેન્દ્ર સરકારની પ્રયોગશાળામાં કરાયેલા ટેસ્ટમાં પણ ૨૦૨૨માં નમૂના નિષ્ફળ જાહેર થયા હતા. આ પછી, ૧૭ ફેબ્રુઆરી, ૨૦૨૨ના રોજ SDM કોર્ટમાં કેસ દાખલ કરાયો હતો, જેનો નિર્ણય ૧૯ નવેમ્બરે આવ્યો હતો.

કોર્ટના આદેશ પર સ્પષ્ટતા આપતા પતંજલિ આયુર્વેદ લિમિટેડે જણાવ્યું કે, આ આદેશ ઘણા કારણોસર કાયદાકીય દૃષ્ટિએ અમાન્ય છે. કંપનીએ મુખ્ય દલીલો રજૂ કરી કે...

૧. ઘીના પરીક્ષણ માટેની રેફરલ લેબોરેટરી પાસે NABL (નેશનલ એક્રેડિટેશન બોર્ડ)ની માન્યતા નહોતી, તેથી તેનું ટેસ્ટિંગ માન્ય ગણી ન શકાય.

૨. નમૂનાને અસફળ જાહેર કરવા માટે ઉપયોગમાં લેવાયેલા પેરામીટર્સ તે સમયે લાગુ જ નહોતા, જે કાયદેસર રીતે ખોટું છે.

૩. સૌથી મહત્ત્વનું, બીજી વખતનું ટેસ્ટિંગ સેમ્પલની એક્સપાયરી ડેટ વીતી ગયા પછી કરવામાં આવ્યું હતું, જે કાયદા મુજબ અમાન્ય ગણાય છે. કંપનીએ જણાવ્યું કે કોર્ટે આ તમામ મુખ્ય તર્કો પર વિચાર કર્યા વિના પ્રતિકૂળ આદેશ આપ્યો છે, જે યોગ્ય નથી. પતંજલિએ આ આદેશ વિરુદ્ધ ફૂડ સેફ્ટી ટ્રિબ્યુનલમાં અપીલ દાખલ કરવાની વાત કહી છે અને વિશ્વાસ વ્યક્ત કર્યો છે કે આ મામલે ટ્રિબ્યુનલમાં તેમના પક્ષમાં નિર્ણય આવશે.

### વેલેન્ટાઈન ડે પર અલ્બનીઝે હેડનને કર્યું હતું પ્રપોઝ

# ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાન એન્થની અલ્બનીઝે ૬૨ વર્ષની ઉંમરે બીજી વખત લગ્ન કર્યા

## ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાન એન્થની અલ્બેનીઝ પદ પર રહીને લગ્ન કરનારા પ્રથમ ઓસ્ટ્રેલિયન વડાપ્રધાન બન્યા



(સંપૂર્ણ સમાચાર સેવા)સીડની

ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાન એન્થની અલ્બનીઝે ૬૨ વર્ષની ઉંમરે બીજી વખત લગ્ન કર્યા છે. તેમની લાઈફ પાર્ટનર અને છેલ્લા ઘણા વર્ષોથી સાથે રહેતી જોડી હેડન હવે સત્તાવાર રીતે ઓસ્ટ્રેલિયાના ફર્સ્ટ લેડી બની ગયા છે. ઓસ્ટ્રેલિયાના ઈતિહાસમાં આ પહેલીવાર બન્યું છે કે, જ્યારે કોઈ વડાપ્રધાન પદ પર રહીને લગ્નના બંધનમાં બંધાયા હોય. કેનબરા સ્થિત વડાપ્રધાનના નિવાસસ્થાન ધ લોજમાં આયોજિત આ સાદગીપૂર્ણ સમારોહમાં માત્ર નજીકના પરિવાર અને મિત્રો જ સામેલ થયા. ગયા વર્ષે વેલેન્ટાઈન ડે પર અલ્બનીઝે હેડનને પ્રપોઝ કર્યું હતું, જ્યારબાદથી જ આ લગ્નની રાહ જોવામાં આવી રહી હતી. જો કે, સમારોહની તારીખ અને તૈયારીઓને સંપૂર્ણપણે ગુપ્ત રાખવામાં આવી. વડાપ્રધાન કાર્યાલય દ્વારા જાહેર કરવામાં આવેલા એક નિવેદનમાં અલ્બનીઝે કહ્યું કે, "અમે અમારા પરિવાર અને સૌથી નજીકના મિત્રોની સામે એકબીજા પ્રત્યેના અમારા પ્રેમ અને જીવનભર સાથે રહેવાની પ્રતિબદ્ધતા શેર કરીને ખૂબ ખુશ છીએ."

જોડી હેડન લાંબા સમયથી અલ્બનીઝ સાથે જાહેર કાર્યક્રમોમાં જોવા મળી રહ્યા છે. તેઓ ૨૦૨૨ની ચૂંટણી પ્રચાર દરમિયાન પણ તેમની સાથે હતા અને આ વર્ષે મે મહિનામાં તેમની લેબર પાર્ટીની શાનદાર જીત સમયે પણ તેઓ તેમની સાથે ઉપસ્થિત હતા. લગ્નમાં હેડને સિડનીના ડિઝાઈનર રોમાન્સ વાઝ બોર્ન દ્વારા ડિઝાઈન કરેલો ડ્રેસ પહેર્યો, જ્યારે વડાપ્રધાને MJ Baleનો સૂટ પસંદ કર્યો હતો. હેડનના પાંચ વર્ષની ભાણી, એલા, ફ્લાવર ગર્લ બની અને વડાપ્રધાનના પાલતુ શ્વાન ટોતોએ રિંગ બેયરરની ભૂમિકા ભજવી. મહેમાનોને વિલી ધ બોટમેન નામની બ્રેવરી દ્વારા તૈયાર કરવામાં આવેલી વિશેષ કેનમાં બીયર પીરસવામાં આવી, જે સિડનીના ઈનર વેસ્ટ વિસ્તારમાં સ્થિત છે.

લગ્ન પછી દુલ્હા-દુલ્હને સ્ટીવી વન્ડરના ફેમસ ગીત "Signed, Sealed, Delivered (I'm Yours)" પર હાથમાં હાથ નાખીને ગલિયારામાંથી બહાર પગ મૂક્યો. આ પછી બન્નેએ તેમનો પહેલો ડાન્સ ફ્રેંક સિનાત્રાના ક્લાસિક ગીત "The Way You Loko Tonight" પર કર્યો.

વડાપ્રધાન કાર્યાલય અનુસાર, અલ્બનીઝ અને હેડન હવે સોમવારથી આવતા શુક્રવાર સુધી ઓસ્ટ્રેલિયામાં જ તેમનું હનીમૂન મનાવશે, જેના તમામ ખર્ચ તેઓ વ્યક્તિગત રીતે ભોગવશે. આ અંગત પરંતુ ઐતિહાસિક લગ્ને ઓસ્ટ્રેલિયન રાજકારણમાં એક નવો અધ્યાય જોડી દીધો છે અને દેશભરમાંથી નવવિવાહિત યુગલને ખૂબ જ શુભેચ્છાઓ મળી રહી છે.

# તમિલનાડુમાં દિતવાહ વાવાઝોડા અંગે હાઈએલર્ટ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ભારતીય હવામાન વિભાગ(IMD) દ્વારા ચક્રવાતી વાવાઝોડું દિતવાહને લઈને તમિલનાડુના કડ્ડાલોર જિલ્લા માટે અત્યંત ભારે વરસાદની ચેતવણી જાહેર કરવામાં આવી છે. આ ગંભીર પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને જિલ્લા વહીવટીતંત્ર સંપૂર્ણપણે સતર્ક થઈ ગયું છે. કડ્ડાલોરના જિલ્લા કલેક્ટર સિબી આધિત્ય સેન્થિલ કુમારે માહિતી આપી કે, જિલ્લામાં ૨૨ અતિ સંવેદનશીલ અને ૩૯ ઉચ્ચ સંવેદનશીલ વિસ્તારોની ઓળખ કરવામાં આવી છે, જે વિસ્તારોમાં સામાન્ય રીતે પાણી ભરાવાની સમસ્યા રહે છે.

તંત્રએ આ વિસ્તારોમાં પાણીનો તાત્કાલિક નિકાલ કરવા માટે મોટર સહિતના જરૂરી ઉપકરણો અને કર્મચારીઓને અગાઉથી તૈનાત કરી દીધા છે.

ઉપરાંત, લોકોને સુરક્ષિત આશ્રય આપવા અને ભોજન-પાણીની સુવિધા પૂરી પાડવા માટે ૨૩૩ રાહત શિબિરો પણ તૈયાર કરવામાં આવ્યા છે. કલેક્ટરે જણાવ્યું કે, અત્યારે વરસાદ શરુ ન થયો હોવાથી લોકોનું સ્થળાંતર નથી કરી રહ્યા, પરંતુ આ રાહત કેન્દ્રો ૧.૫ લાખ જેટલા લોકોને આશ્રય આપવા માટે સંપૂર્ણપણે તૈયાર છે.

# બાઈક ટેક્સી ડ્રાઈવરના ખાતામાં ૩૩૧ કરોડ રૂપિયા મળતા ઈડી ચોંકીઃ ઉદયપુરથી ગુજરાત સુધી તપાસનો ધમધમાટ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED)એ ગેરકાયદે ઓનલાઈન સટ્ટાબાજી એપ્લિકેશન OneXbet સંબંધિત એક મોટા મની લોન્ડરિંગ કેસનો પર્દાફાશ કર્યો છે. દિલ્હીમાં એક સામાન્ય બાઈક ટેક્સી ડ્રાઈવરના બેન્ક ખાતામાં માત્ર આઠ મહિનાના ગાળામાં ૩૩૧.૩૬ કરોડ રૂપિયા જમા કરવામાં આવ્યા હોવાનું બહાર આવતાં ED ચોંકી ઉઠી છે, અને આ કેસના તાર ઉદયપુર અને ગુજરાતના એક યુવા નેતાના વૈભવી લગ્ન સુધી પહોંચ્યા છે.

ED ગેરકાયદે ઓનલાઈન સટ્ટાબાજીના મની લોન્ડરિંગની તપાસ કરી રહી હતી. કરોડો રૂપિયાના મની ટ્રેલની તપાસ કરતાં અધિકારીઓ દિલ્હીની એક ઝૂંપડપટ્ટીમાં રહેતા એક સામાન્ય બાઈક ટેક્સી ડ્રાઈવરના ઘરે પહોંચ્યા હતા.૧૯મી ઓગસ્ટ ૨૦૨૪ થી ૧૬મી એપ્રિલ ૨૦૨૫ વચ્ચેના સમયગાળામાં ડ્રાઈવરના બેન્ક ખાતામાં ૩૩૧.૩૬ કરોડ રૂપિયા જમા થયા હતા.

પૂછપરછમાં ડ્રાઈવરે જણાવ્યું કે તે આ બેંક વ્યવહારોથી સંપૂર્ણપણે અજાણ છે અને તે પોતાનો મોટાભાગનો સમય જીવનનિર્વાહ માટે બાઈક ટેક્સી ચલાવવામાં વિતાવે છે. ઈડીએ તુરંત નિષ્કર્ષ કાઢ્યો કે આ ગેરકાયદે ભંડોળ છુપાવવા માટે મ્યૂલ ખાતાનો ઉપયોગ કરવાનો ક્લાસિક કેસ છે.

ઈડીની તપાસમાં આ મની લોન્ડરિંગના તાર ગુજરાતના એક યુવા નેતાના ભવ્ય લગ્ન સાથે જોડાયા છે, જેના કારણે તપાસનો ધમધમાટ હવે ગુજરાત સુધી લંબાયો છે. ૩૩૧ કરોડ રૂપિયાથી વધુની ડિપોઝિટમાંથી ઉદયપુરની એક વૈભવી હોટલમાં યોજાયેલા ગ્રાન્ડ ડેસ્ટિનેશન વેડિંગમાં ૧ કરોડ રૂપિયાથી વધુનો ખર્ચ કરવામાં આવ્યો હતો.

આ લગ્ન ગુજરાતના એક યુવા નેતા સાથે જોડાયેલા છે, જેને ટૂંક સમયમાં ઈડી દ્વારા પૂછપરછ માટે બોલાવવામાં આવે તેવી શક્યતા છે. ડ્રાઈવરે પૂછપરછમાં સ્પષ્ટતા કરી કે તે વર કે કન્યા અથવા તેમના પરિવારોને ઓળખતો નહોતો, જેમના લગ્ન માટે આ ભંડોળનો ઉપયોગ થયો હતો. ઈડીને શંકા છે કે ડ્રાઈવરનું બેંક ખાતું ગેરકાયદે ભંડોળ લોન્ડર કરવા માટેનું મ્યૂલ પ્લેટફોર્મ હતું. આ ખાતામાં અનેક અજાણ્યા સોર્સમાંથી મોટી રકમ જમા થઈ હતી અને ઝડપથી અન્ય શંકાસ્પદ ખાતાઓમાં ટ્રાન્સફર કરવામાં આવી હતી. આ ભંડોળનો એક મુખ્ય સોર્સ ગેરકાયદે જુગાર સાથે જોડાયેલો હતો.

મ્યૂલ એકાઉન્ટ્સનો ઉપયોગ ફાઈનાન્શિયલ ક્રાઈમ દ્વારા મેળવેલા ગેરકાયદે ભંડોળને લોન્ડર કરવા માટે થાય છે. આ એકાઉન્ટ્સ નકલી અથવા ભાડે રાખેલા KYC ઓળખપત્રોનો ઉપયોગ કરીને બનાવવામાં આવે છે, જ્યાં કોઈ વ્યક્તિ કમિશનના બદલામાં તેનું બેંક એકાઉન્ટ ગુનેગારોને વાપરવા માટે આપે છે, અને વાસ્તવિક માલિકને વ્યવહારોની જાણ હોતી નથી.

ઉલ્લેખનીય છે કે, EDએ તાજેતરમાં 1xbl તપાસના ભાગ રૂપે પૂર્વ ક્રિકેટરો શિખર ધવન અને સુરેશ રૈના સહિત ઘણાં અન્ય ક્રિકેટરો અને સેલિબ્રિટીઓની પૂછપરછ કરી હતી અને કરોડો રૂપિયાની સંપત્તિ જપ્ત કરી હતી.

### જબલપુરમાં BLO સુપરવાઈઝરને હેલિકોપ્ટરની રાઈડ

# મધ્ય પ્રદેશમાં SIRના ટારગેટ પૂરા કરનારા BLO પર ઈનામોનો વરસાદ

## ઉત્કૃષ્ટ કામગીરી બદલ આ BLOને ટાઈગર સફારી, મૂવી ટિકિટ અને હેલિકોપ્ટર જોય રાઈડ જેવાં આકર્ષક ઈનામ મળી રહ્યાં છે

(સંપૂર્ણ સમાચાર સેવા)ભોપાલ

મધ્ય પ્રદેશમાં મતદાર યાદીના સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR)ની કામગીરીમાં નિર્ધારિત સમયમર્યાદા પહેલાં જ ટારગેટ અચિવ કરનારા બૂથ-લેવલ ઓફિસરો (BLO) પર હાલમાં જિલ્લા વહીવટી તંત્ર તરફથી અનોખા ઈનામોનો વરસાદ થઈ રહ્યો છે. ઉત્કૃષ્ટ કામગીરી બદલ આ BLOને ટાઈગર સફારી, મૂવી ટિકિટ અને હેલિકોપ્ટર જોય રાઈડ જેવાં આકર્ષક ઈનામ મળી રહ્યાં છે. અહેવાલો અનુસાર, જબલપુર જિલ્લામાં પનાગર વિધાનસભા મતવિસ્તારમાંથી સ્નેહલતા પટેલે ઉદાહરણરૂપ કામગીરી કરી છે. સ્નેહલતા પટેલ તેના વિસ્તારના તમામ બૂથનું ૧૦૦ ટકા ડિજિટાઈઝેશન પૂર્ણ કરનાર જિલ્લાની પહેલી BLO સુપરવાઈઝર બની હતી. તેણે કુલ ૭,૭૦૬ મતદાર ફોર્મ સમય પહેલાં અપલોડ કરી દીધા હતા.કલેક્ટર રાઘવેન્દ્ર સિંહની સૂચના અનુસાર, સ્નેહલતા પટેલને ઈનામ તરીકે પીએમ શ્રી હેલી ટુરિઝમ સર્વિસ દ્વારા વિશ્વ પ્રસિદ્ધ પર્યટન સ્થળો કાન્હા અને બાંધવગઢની હેલિકોપ્ટરની રાઈડ આપવામાં આવી હતી.રીવા જિલ્લામાં પણ BLOએ સમય કરતાં વહેલા કામગીરી પૂર્ણ કરીને અન્ય BLO માટે એક ઉદાહરણ પૂરું પાડ્યું છે. જિલ્લામાં ૧૨ BLએ ચૂંટણી પંચની સમયમર્યાદા (ચોથી ડિસેમ્બર)ના ૧૪ દિવસ પહેલાં જ મતદાર ગણતરી શીટનું ૧૦૦ ટકા ડિજિટાઈઝેશન પૂર્ણ કર્યું. જિલ્લા કલેક્ટર પ્રતિભા પાલે આ સુપર BLOનું કલેક્ટર કચેરી ખાતે સન્માન કર્યું હતું. પુરસ્કાર તરીકે, તમામ BLOને પ્રમાણપત્ર, તેમના પરિવારો સાથે મુકુંદપુર વ્હાઈટ ટાઈગર સફારીની સફર અને મૂવી ટિકિટ આપવામાં આવી. તેમણે જણાવ્યું હતું કે, આ BLOએ નિર્ધારિત સમય કરતાં વહેલા લક્ષ્યાંક પ્રાપ્ત કરીને અન્ય તમામ કર્મચારીઓ માટે પ્રેરણારૂપ કામગીરી કરી છે.




